# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ કલ્યાણનિધિ બંધારણ (વહીવટી માળખું)

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના બંધારણની કલમ ૪(૪) ની જોગવાઈ તથા ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના ૪૦ માં અધિવેશન-૨૦૧૦ માં થયેલ ઠરાવ નં. ૮, તા. ૨૭-૩-૨૦૧૦ થી કલ્યાણનિધિ યોજના અમલમાં મુકેલ છે. આ યોજનાનું બંધારણ (વહીવટી માળખું) પ્રથમ વખત તે સમયે બનાવવામાં આવેલ હતું. આ માળખામાં સમયની જરૂરિયાતના અનુસંધાને આ યોજના હેઠળ આવતી આર્થિક મદદને સુદ્રઢ બનાવવા, યોજનાને ગતિશીલતા અને સક્ષમતા તરફ દોરી જવા માટે અગાઉ નક્કી થયેલ બંધારણમાં નીચે મુજબના હેતુઓ તથા વહીવટી કાર્યપદ્ધતિ માટેના મુદ્દાઓ ઉમેરી નવું બંધારણ રચવાનો નિર્ણય કરવામાં આવે છે. આ સુધારા અમલી બને ત્યાં સુધી જૂના બંધારણ મુજબની આર્થિક મદદ કરવાની જોગવાઈ લાગુ રહેશે. આ સુધારેલ બંધારણ અમલમાં આવતા પ્રથમ બંધારણમાં સભ્યો પાસેથી જમા લેવાની કલ્યાણનિધિ ફંડની રકમ તથા આચાર્યના અવસાન સમયે આપવામાં આવતી આર્થિક મદદની જોગવાઈ રદ્દ ગણાશે. કલ્યાણનિધિ યોજનાના સુધારા સાથેના બંધારણની વિગતો નીચે મુજબ છે :

(૧) નામ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ કલ્યાણ નિધિ

(૨) સરનામું : સારસ્વત ભવન, અભિષેક બિલ્ડીંગ, ચ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

(૩) હિસાબી વર્ષ : ૧ લી જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધીનું રહેશે.

(૪) હેતુઓ :

(૧) કલ્યાણ નિધિ યોજનામાં જોડાનાર સભ્યશ્રીઓના સેવાકાળ દરમ્યાન આકસ્મિક, ગંભીર માંદગીથી કે અન્ય કારણોસર મૃત્યુ સમયે ખૂબ જ ઓછા સમયમાં તેમના કુટુંબીજનોને આર્થિક મદદ કરવી.

(૨) કારોબારી સમિતિમાં બહુમતિએ નિર્ણય કરી આ યોજનામાં જોડાનાર સભ્યોના આર્થિક તથા સામાજિક ઉત્થાન માટેનું કાર્ય કરવામાં આવશે.

(૩) આ યોજના માટેના આર્થિક નાણાં ભંડોળની સક્ષમતાના સંજોગોમાં સભ્યશ્રીઓની વ્યવસાયિક પ્રતિબદ્ધતા તથા સજ્જતા માટેની કામગીરી કરવામાં આવશે.

(૪) રાજ્ય આચાર્ય સંઘ કલ્યાણનિધિ યોજનાની આર્થિક સક્ષમતાવાળા સંજોગોમાં કલ્યાણનિધિ ભંડોળમાંથી કારોબારી તથા સંસદની સંયુક્ત બેઠકમાં ૨/૩ બહુમતીએ નિર્ણય કરી રાજ્ય આચાર્ય સંઘને આર્થિક મદદ કરી શકાશે.

(૫) સભ્ય પદ :

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ કલ્યાણનિધિમાં નીચેની લાયકાત ધરાવનાર આચાર્યો આ યોજનાના સભ્ય બની શકશે. સભ્ય તરીકે મૂળભૂત લાયકાત ગુમાવવાની સાથે આપોઆપ સભ્ય તરીકે રદ્દ થયેલ ગણાશે.

(૧) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ કલ્યાણનિધિના સભ્ય તરીકે જોડાનાર સભ્ય મૂળભૂત રીતે ગુજરાત રાજ્યની કોઈપણ ગ્રાન્ટેડ શાળામાં આચાર્યના હોદ્દા પર વિનિમય ૨૦(૧) ની જોગવાઈ મુજબ નિયુક્ત થયેલ હોવો જોઈએ.

અનુ..૨...

(૨) ગુજરાત રાજ્યની નોન-ગ્રાન્ટેડ શાળાના એવા આચાર્ય કે જેની બદલીની શક્યતા નથી, જેનો પગાર બેન્ક મારફત થાય છે, સ્ટાફ પ્રોફાઈલ ધરાવે છે, તેવા આચાર્યને ઘટક સંઘના લેખિત અભિપ્રાયથી કલ્યાણનિધિનો સભ્ય બનાવી શકાશે.

(૩) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ સંલગ્ન કોઈપણ જિલ્લાના ઘટક સંઘના સભ્ય તરીકે નોંધાયેલ સભ્ય જ રાજ્યની 'કલ્યાણનિધિ'નો સભ્ય બની શકશે.

(૪) કલ્યાણનિધિ યોજનામાં જોડાનાર આચાર્ય જે ઘટક સંઘનો સભ્ય છે, તે ઘટક સંઘનું રાજ્ય આચાર્ય સંઘ સાથે જોડાણ ફી ચૂકવી ગઠન થયેલું હોવું જરૂરી છે. તેમજ જોડાણ ચાલુ હોવું જરૂરી છે.

(૫) કલ્યાણનિધિ યોજનામાં જોડાવા માટે જરૂરી પ્રવેશ તથા વારસદારનું સંયુક્ત નિયુક્તિ માટેનું નિયત ફોર્મ ભરવું જરૂરી છે. આ માટે રેશનકાર્ડ કે સર્વિસ રેકર્ડના વારસદાર (પેન્શન નિયુક્તિ ફોર્મ)ના પ્રમાણિત આધારો રજૂ કરવાના રહેશે.

(૬) કલ્યાણનિધિ યોજનામાં જોડાનાર સભ્યને જોડાયા તારીખથી એક વર્ષની મુદ્દત પૂર્ણ થયા બાદ સહાયનો લાભ મળી શકશે.

(૭) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ કલ્યાણનિધિમાં નોંધાયેલ સભ્યોનું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૮) રજિસ્ટરમાં નિવૃત્ત થતા સભ્યોના નામ કમી કરવા તથા નવા સભ્યોના ઉમેરા સાથે વખતોવખત સુધારા કરવામાં આવશે.

(૬) વહીવટી કાર્યપદ્ધતિ

(૧) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘને સંલગ્ન રાજ્યના દરેક ઘટક સંઘો કારોબારીના ઠરાવ દ્વારા કલ્યાણનિધિના વહીવટ માટે ઘટક સંઘના '<u>કલ્યાણનિધિ કન્વીનર</u>'ની નિયુક્તિ કરશે. જેઓ રાજ્ય કલ્યાણનિધિ વહીવટી સમિતિના સભ્યો ગણાશે.

(૨) રાજ્યના ઘટક સંઘો કલ્યાણનિધિ યોજનાના વહીવટ માટે જે તે ઘટક સંઘમાં કલ્યાણનિધિ સમિતિની રચના કરશે. જેમાં નીચે મુજબના પાંચ સભ્યોનો સમાવેશ કરવામાં આવશે.

(૧) જે તે ઘટક સંઘના પ્રમુખ
(૨) જે તે ઘટક સંઘના મહામંત્રી
(૩) ઘટક સંઘના કલ્યાણનિધિ કન્વીનર
(૪) રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ
(૫) રાજ્ય આચાર્ય સંઘના મહામંત્રી

(૩) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની કારોબારી સમિતિ ઠરાવ દ્વારા ઘટક સંઘના કલ્યાણનિધિ કન્વીનરોમાંથી અથવા સંગઠન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન ધરાવતા વ્યક્તિઓમાંથી કલ્યાણનિધિ કન્વીનર-૧ તથા સહકન્વીનર-૧ની નિયુક્તિ કરશે. તથા દરેક ઝોનમાંથી કલ્યાણનિધિના ઝોન કન્વીનરની નિમણુક કરશે.

(૪) રાજ્ય આચાર્ય સંઘની કારોબારી "કલ્યાણનિધિ યોજના"ના વહીવટ માટે વ્યવસ્થાપક સમિતિની રચના કરશે. આ સમિતિ વધુમાં વધુ અગિયાર સભ્યોની રહેશે. જેમાં કન્વીનર, સહકન્વીનર, ઝોન કન્વીનર, રાજ્ય પ્રમુખ તથા રાજ્ય મહામંત્રીનો સમાવેશ થશે.

(૫) રાજ્ય આચાર્ય સંઘ "કલ્યાણનિધિ સમિતિ" નીચે મુજબના વધુમાં વધુ ૫૧ સભ્યોની રાખવામાં આવશે.

અનુ..૩...

(૧) રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ
(૨) રાજ્ય આચાર્ય સંઘના મહામંત્રી
(૩) રાજ્ય કલ્યાણનિધિ કન્વીનર
(૪) રાજ્ય કલ્યાણનિધિ સહકન્વીનર
(૫) દરેક ઘટક સંઘના કલ્યાણનિધિ કન્વીનર
(૬) કલ્યાણનિધિ ઝોન કન્વીનર

(૬) કલ્યાણનિધિ યોજનાના કન્વીનર તથા સહકન્વીનર રાજ્ય આચાર્ય સંઘના હોદ્દેદાર ગણાશે.

(૭) કલ્યાણનિધિ યોજનાના કન્વીનર, સહકન્વીનર, રાજ્ય આચાર્ય સંઘમાં હોદ્દા જોગ કારોબારી સમિતિમાં હાજરી આપી શકશે.

(૮) રાજ્ય આચાર્ય સંઘ કલ્યાણનિધિ કન્વીનર, સહકન્વીનર તથા સમિતિના સભ્યો પારદર્શક વહીવટ માટે જવાબદાર ગણાશે.

(૯) કલ્યાણનિધિ કન્વીનર જરૂર પડયે સમિતિના સભ્યો સાથે મીટીંગમાં પરામર્શ દ્વારા સમિતિને લગતા નિર્ણયો કરી શકશે.

(૧૦) સહાય ચૂકવવા માટે તાત્કાલિક મીટીંગની અનુકૂળતા ન હોય તેવા સંજોગોમાં રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, મહામંત્રી તથા સહકન્વીનર સાથે ટેલિફોનિક પરામર્શ કરી કન્વીનરે લીધેલ નિર્ણય માન્ય ગણાશે.

(૧૧) આચાર્યના અવસાન સમયે સહાય ચૂકવવાની જવાબદારી રાજ્યના નક્કી થયેલ ઝોન મુજબ જેતે ઝોનના હોદ્દેદારો, ઝોનના કલ્યાણનિધિ કન્વીનર તથા જે તે ઘટક સંઘના કલ્યાણનિધિ સમિતિની રહેશે.

(૧૨) સહાય ચૂકવતી વખતે નિયત થયેલ નીચે મુજબના જરૂરી આધારો એકત્રિત કરી જે તે જિલ્લાના ઘટક સંઘના કલ્યાણનિધિ કન્વીનરે રાજ્ય કલ્યાણનિધિ કન્વીનરને પહોંચાડયા બાદ જ ચૂકવણા કરવાના રહેશે.
(૧) કલ્યાણનિધિ સભ્ય હોવાનો આધાર
(૨) ડેથ સર્ટિફિકેટની નકલ
(૩) નોમીનેશન ફોર્મ
(૪) ઘટક સંઘનો સહાય ચૂકવવાનો ઠરાવ

સહાય ચૂકવવાના સંજોગોમાં ઉપરોક્ત આધારો સાથે ઘટક સંઘે આચાર્યના અવસાનની તારીખથી એક માસના સમય ગાળામાં રાજ્ય આચાર્ય સંઘના કલ્યાણનિધિ કન્વીનરને દરખાસ્ત કરવાની રહેશે. મુદ્દત બાદ આવેલ દરખાસ્ત માટે ઘટક સંઘ જવાબદાર રહેશે.

(૧૩) કલ્યાણનિધિ કન્વીનર તથા સહકન્વીનર ઝોનવાર થયેલ કામગીરીની સમીક્ષા કરશે તથા નબળી કામગીરીવાળા ઝોનમાં કામગીરી સુધારવાનો પ્રયત્ન કરશે.

(૧૪) કલ્યાણનિધિ સમિતિ સત્રમાં ઓછામાં ઓછી એક એમ વર્ષમાં બે મીટીંગ ફરજીયાત રહેશે. ઉપરાંત રાજ્ય આચાર્ય સંઘના અધિવેશન દરમ્યાન સમિતિની બેઠક બોલાવી સમિતિની કામગીરીનો તલસ્પર્શી પરામર્શના અંતે જરૂરી નિર્ણયો કરશે.

અનુ..૪...

(૧૫) વહીવટી વર્ષ પૂર્ણ થયે સમિતિના કન્વીનર રાજ્ય આચાર્ય સંઘની કારોબારી તથા સંસદની સંયુક્ત બેઠકમાં રાજ્ય આચાર્ય સંઘની કલ્યાણનિધિ સમિતિમાં મંજૂર થયેલાં હિસાબો રજૂ કરશે. કારોબારી સંસદ આ હિસાબો ચર્ચા વિચારણાના અંતે મંજૂર કરશે.

(૧૬) રાજ્ય કલ્યાણનિધિ રકમના નાણાંકિય વહીવટ માટે રાષ્ટ્રીયકૃત બેન્કમાં અલગ ખાતુ ખોલાવવાનું રહેશે. સમિતિનો તમામ વહીવટ આ ખાતામાં જ કલ્યાણનિધિ કન્વીનર ફરજીયાત તથા પ્રમુખ / મહામંત્રીમાંથી એક એમ ત્રણમાંથી કોઈપણ બેની સહીથી કરવામાં આવશે.

(૧૭) રાજ્ય કલ્યાણનિધિ યોજનાની વ્યવસ્થાપક સમિતિની મુદ્દત ત્રણ વર્ષની રહેશે. મુદ્દત પૂર્ણ થયે સમિતિની નવરચના રાજ્ય આચાર્ય સંઘની કારોબારી કરશે.

(૭) યોજનાનું નાણાં ભંડોળ :

આ યોજના માટે જરૂરી નાણાં ભંડોળ માટે નીચે મુજબના નિયમોને અનુસરવામાં આવશે.

(૧) આ યોજનાના હેતુઓ સિદ્ધ કરવા માટે જરૂરી આર્થિક ભંડોળ ઉભું કરવા માટે સભ્યશ્રીઓ પાસેથી ડિપોઝિટ પેટે રૂા. ૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પૂરા જમા લેવામાં આવશે.

(૨) આ ડિપોઝિટની રકમ દરેક ઘટક સંઘોએ પોતાની અનુકૂળતા મુજબ બેન્કોના ખાતામાં ઘટક સંઘના કલ્યાણનિધિ કન્વીનર, તથા ઘટક સંઘના પ્રમુખ અને રાજ્ય પ્રમુખની ફરજીયાત સહીથી ઉપાડ થઈ શકે તે રીતે બેન્કમાં જમા કરાવવાની રહેશે.

(૩) કલ્યાણનિધિ યોજનાની ડિપોઝિટની રકમ ઘટક સંઘોએ પોતાની અનુકૂળતા મુજબની બેન્કમાં 'ફિક્સ ડિપોઝિટ' સ્વરૂપે જમા કરાવવાની રહેશે.

(૪) આ યોજનાના ભંડોળની રકમ બેન્કમાં જમા કરાવ્યાની તારીખથી છ માસ પૂર્ણ થયે ફિક્સ ડિપોઝિટના વ્યાજની રકમ જે તે ઘટક સંઘ રાજ્ય આચાર્ય સંઘના કલ્યાણનિધિ યોજનાના ખાતામાં જાન્યુઆરી તથા જુલાઈ માસમાં જમા કરાવવાની રહેશે. જેની જાણ રાજ્ય આચાર્ય સંઘને આધારો સાથે કરાવવાની રહેશે.

(૫) રાજ્ય આચાર્ય સંઘની કલ્યાણનિધિ સમિતિ આ યોજનામાં સભ્ય બન્યા પછી એક વર્ષ બાદ અવસાન પામનાર સભાસદના વારસદારને સમિતિએ કરેલ નિર્ણય મુજબ ભંડોળના પ્રમાણમાં મહત્તમ મદદ કરવાનો નિર્ણય કરશે.

(૬) કલ્યાણનિધિ યોજનામાં ઘટક સંઘો તરફથી મળેલ વ્યાજની રકમનો મહત્તમ ઉપયોગ મૃત્યુ પામતા સભાસદોના વારસદારના કલ્યાણ અર્થે જ કરવાનો રહેશે.

(૭) કલ્યાણનિધિ યોજનામાં ઘટક સંઘો તરફથી જમા મળેલ વ્યાજની રકમને પણ રાજ્ય કલ્યાણ નિધિના બેન્ક ખાતામાં ફિક્સ ડિપોઝિટ સ્વરૂપે મૂકવામાં આવશે. ચૂકવણા કરવાના સંજોગોમાં તેમાંથી રકમ ચૂકવવાની રહેશે.

(૮) આ યોજનામાં જોડાનાર વ્યક્તિને તે જ વર્ષે મૃત્યુ સહાય મળવાપાત્ર નથી. રૂા.૧૦,૦૦૦/- ડિપોઝિટ જમા કરાવ્યાના ૧ વર્ષ પૂર્ણ થયે મૃત્યુ સહાયનો લાભ દરેક સભાસદને મળવાપાત્ર થશે.

(૯) નવી નિમણૂક મેળવેલ આચાર્ય મિત્રો જે તારીખથી આ યોજનામાં જોડાશે તે તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદ મૃત્યુ સહાય મેળવવાપાત્ર થશે.

(૧૦) કલ્યાણનિધિ યોજનાના સભ્ય બનનાર આચાર્યને કલ્યાણનિધિ ડિપોઝિટની રકમ રૂા.૧૦,૦૦૦/- ની પહોંચ જે તે ઘટક સંઘ દ્વારા રાજ્ય કલ્યાણનિધિ સમિતિએ તૈયાર કરેલ નિયત નમૂનામાં સભાસદને આપશે.

અનુ..૫...

(૧૧) છ માસ પૂર્ણ થયે રાજ્ય કલ્યાણનિધિમાં બેન્કે જમા આપેલ વ્યાજની રકમનું સભાસદવાર સ્ટેટમેન્ટ ઘટક સંઘે રાજ્ય આચાર્ય સંઘને આપવાનું રહેશે. જેના આધારે રાજ્ય આચાર્ય સંઘના કલ્યાણનિધિ કન્વીનર જે તે ઘટક સંઘના કલ્યાણનિધિ કન્વીનરને વ્યાજ જમા કરાવ્યાની પહોંચ આપશે.

(૧૨) આ યોજના નફાકારક હેતુ માટે કાર્યરત નથી. તેનો હેતુ માત્ર કલ્યાણકારી પ્રવૃત્તિ તેમ જ સહાય અને મદદનો રહેશે.

(૧૩) કલ્યાણનિધિ યોજનામાં સહાય ચૂકવવા બાબતે ઉભા થયેલ વિવાદના સંજોગોમાં રાજ્ય વહીવટી કલ્યાણનિધિ સમિતિનો નિર્ણય આખરી તથા બંધનકર્તા ગણાશે.

(૧૪) સદર યોજનાના અમલીકરણ સાથે સાથે જૂની રાજ્ય કલ્યાણનિયધિ યોજના હાલમાં કાર્યરત રહેશે. રૂા.૫૦,૦૦૦/- સહાય તથા રૂા.૨૦૦/- ફાળો જમા કરાવવાની જોગવાઈ હાલ ચાલુ રહેશે. નવી યોજના અમલમાં આવ્યાની તારીખથી જૂની યોજના બંધ થશે.

(૧૫) સદર યોજનાના રૂા.૧૦,૦૦૦/- ડિપોઝિટ જમા કરાવી સભ્યપદ મેળવનાર આચાર્ય વયનિવૃત્ત થાય, સ્વૈચ્છિક નિવૃત્તિ લે કે અન્ય કારણોસર સેવા નિવૃત્ત થાય ત્યારે માત્ર ડિપોઝિટ (વ્યાજ ઉપજ સિવાય) રૂા.૧૦,૦૦૦/- પરત મળવાપાત્ર રહેશે. નિયત અરજી તથા ઘટક સંઘની ભલામણ સાથે રીસીપ્ટ રજૂ કર્યેથી ડિપોઝિટ પરત મળવાપાત્ર થશે.

(૧૬) રાજ્ય કલ્યાણનિધિ સમિતિ, સભાસદોના હિતાર્થે બેન્કની અકસ્માત જૂથ વીમા પોલિસી સભ્યો માટે લઈ શકશે.

(૧૭) રાજ્ય આચાર્ય સંઘના તેમજ દરેક ઘટક સંઘના હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, સંસદ સભ્યો માટે આ યોજનામાં જોડાવું ફરજીયાત છે અને કોઈપણ હોદ્દા માટે ઉમેદવારી કરતી વખતે આ ફંડ ભરેલું હોવું ફરજીયાત છે.

(૧૮) કલ્યાણનિધિ યોજનામાં જોડાયેલ અને અવસાન પામનાર આચાર્યોને સહાય પેટે ચૂકવવાની થતી વ્યાજની જમા રકમ જો અનિવાર્ય સંજોગોમાં પૂરતી ન હોય ત્યારે ઘટતી રકમ રાજ્યના દરેક ઘટક સંઘે યોજનામાં જોડાયેલ સભ્યના પ્રમાણમાં રાજ્યની કલ્યાણનિધિ યોજનામાં જમા કરાવવાની રહેશે.

(૮) બંધારણમાં ફેરફાર

(૧) કલ્યાણનિધિ યોજનાના બંધારણ (વહીવટી માળખા)માં સુધારાની જરૂરિયાત સમયે રાજ્ય આચાર્ય સંઘની કારોબારી સમિતિએ બહુમતિથી કરેલ સુધારાને સામાન્ય સભામાં બહાલી મળ્યે સુધારાઓ અમલમાં મૂકી શકાશે.

(૨) આકસ્મિક સંજોગોમાં કલ્યાણનિધિ યોજના ડિઝોલ્વ (બંધ) કરવાના સંજોગોમાં યોજના બંધ કરવાના વ્યવસ્થાપક કમિટિના ઠરાવના કારણોની યોગ્યતાની ચર્ચા બાદ સંસદની બહાલીથી યોજના બંધ કરી શકાશે અને આ યોજનાના ભંડોળની જમા રકમ રાજ્ય આચાર્ય સંઘના ભંડોળમાં જમા કરાવી કલ્યાણનિધિ યોજના બંધ થયેલી જાહેર કરવામાં આવશે.